# મોડાસામાંથી કિડની કૌભાંડના રેકેટનો પર્દાફાશ

## બે લઘુમતી કોમના યુવાનોને ૧૨ લાખ રૂપીયાની લાલચ આપી દિલ્હી અને હરિદ્વારની હોસ્પિટલમાં કિડની કાઢી લેવાતા ચકચાર : મોડાસાના બે સગ્ગા ભાઈઓ કિડની કૌભાંડમાં દલાલ તરીકે કાર્યરત હોવાનું બહાર આવતા ફરાર



મોડાસા,તા. ૯ અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરના લઘુમતી વિસ્તારની બે રહેણાંક સોસાયટીના યુવાનોને મોડાસાની ઝમઝમ પાર્ક સોસાયટીમાં ૧૫ વર્ષથી રહેતા અને મૂળ ઈન્દોર (મધ્યપ્રદેશ) ના બે સગ્ગા કિડની કૌભાંડના દલાલ ભાઈઓએ ૧૨ લાખ રૂપિયાની લાલચ આપી દિલ્હી અને હરિદ્વાર નજીક આવેલી ખાનગી હોસ્પિટલમાં લઈ જઈ કિડની કાઢી લેતા અને નક્કી થયેલી રકમ દલાલોએ ન અપાતા સમગ્ર કૌભાંડનો પર્દાફાશ થયો હતો. ભોગ બનેલ યુવકોના પરિવારજનોએ એસ.પી. કચેરી પહોંચી રજુઆત કરતા મોડાસા ટાઉન પોલીસે ગુન્હો નોંધવા તજવીજ હાથ ધરી હતી. કિડની કૌભાંડની દલાલી કરનાર બંને ભાઈઓના રેકેટમાં હજુ વધુ યુવાનો ભોગ બન્યા હોવાની ચર્ચા ટોક ઓફ ધી ટાઉન બની. અરવલ્લી જિલ્લા પોલીસ તંત્ર દ્વારા બંને ભાઈનો ઝડપી પાડે તો ગુજરાતને હચમચાવનાર કિડની કૌભાંડના રેકેટનો પર્દાફાશ થવાની શક્યતાઓ રહેલી છે.

મોડાસાની ઝમઝમ પાર્ક સોસાયટીમાં આપા તરીકે ઓળખાતી અને છેલ્લા ૧૦ વર્ષથી મોડાસામાં રહેતી અને મૂળ ઈન્દોર(મધ્યપ્રદેશ)ની દોરા-ધાગા અને તાવીજ કરી આપતી મહિલાના મોહસીન અને ઈમરાન નામના બે પુત્રો છેલ્લા એક વર્ષથી કિડનીની દલાલીમાં સંડોવાયેલા હતા અને મોડાસાના એલાયન્સ નગર અને રસીદાબાદ સોસાયટીમાં રહેતા ઈકબાલ અને સાલ્લાઉદીન મોયુદ્દીન પીરા નામના યુવકોને ૧૨ લાખ રૂપિયાની લાલચ આપી દિલ્હી અને હરિદ્વાર નજીકની ખાનગી હોસ્પિટલમાં લઈ જઈ કિડની કાઢી લેતા ચકચાર મચી હતી સમગ્ર કિડની કૌભાંડનો પર્દાફાશ દલાલે નક્કી કરેલ રકમ કરતા ઓછા રૂપિયા અપાતા બહાર આવ્યું હોવાની માહિતી સૂત્રો દ્વારા જાણવા મળી હતી.


**કિડની કૌભાંડમાં મહુધાનો અશોક નામનો શખ્સ પણ સંડોવાયેલો હોવાનો અને બંને યુવકોને કિડની કાઢી લેતી વખતે દિલ્હી અને હરિદ્વારમાં મળ્યો હોવાનું જણાવતા કિડની કાઢી લેવાનું રેકેટ દલાલો દ્વારા સમગ્ર ગુજરાત અને અન્ય રાજ્યોમાં પણ ફેલાયેલું હોવાનું જાણવા મળ્યું હતું અને સમગ્ર કિડની કાઢી લેવાનું રેકેટનો ભોગ બનેલા યુવકોને કોર્ટ કાગળિયા કરી સહી કરાવી, સિક્કા મારી, પાસપોર્ટ સાઈજના ફોટો લઈ અને ઓળખપત્રની ઝેરોક્ષ કોપી લઈ અફેડેવિટ પણ કરાવી લેતા હોવાનું કિડની રેકેટનો ભોગ બનેલ યુવકોએ જણાવ્યું હતું**

અરવલ્લી જિલ્લાના મોડાસામાં અજિબો ગરીબ ઘટના સામે આવી છે મોડાસાની એલીયન્સનગર સોસાયટીમાં રહેતા બે ગરીબ યુવકો કિડની દલાલોના સંપર્કમાં આવ્યા. કિડની દલાલોએ બંને યુવકોને કિડની આપવાથી તમને ખુબ રૂપિયા મળશે તેમ જણાવતા આ ગરીબ યુવકો કિડની દલાલોની વાતોમાં આવી ગયા. તેમાં એક સલાઉદ્દીન નામના યુવકને છેતરીને મોહસીન નામના કિડની દલાલે અહીંથી ગોધરા અને ત્યાંથી દિલ્હી લઈ ગયા. દિલ્હીથી હરદ્વાર પાસે આવેલી ખાનગી હોસ્પિટલ લઈ ગયા. ખાનગી હોસ્પિટલમાં આ યુવકને સમજાવી પટાવી કિડની આપતા પહેલાની ટ્રીટમેન્ટ શરૂ કરી દેવાઈ અને કિડની કાઢી લેવાઈ. ત્યારબાદ કિડની કાઢતા અગાઉ નક્કી કરેલા ૧૪ લાખના બદલે માત્ર બે લાખ રૂપિયા આપ્યા. નક્કી કરેલ નાણા કરતા ઓછા નાણા મળતા સલાઉદ્દીન પોતે છેતરાયો હોવાનો અહેસાસ થયા બાદ મોડાસા પરત આવ્યો અને તેના પરિવારજનોને સમગ્ર ઘટનાથી વાકેફ કર્યા હતા. પરિવારજનો પર આભ તૂટી પડ્યું હતું.

ઈમરાને એક વર્ષ અગાઉ પણ એલાયન્સ નગરમાં રહેતા અને ગરીબી અને દેવાથી પીડાતા ઈકબાલ નામના યુવાન(ઉં.વર્ષ ૩૫) સાથે મિત્રતા કેળવી તેની કિડની વેચવા સમજાવી ૩ લાખ રૂપિયાની લાલચ આપી બરોડામાં મુંબઈના જાવેદ નામના શખ્સ સાથે ભેટો કરાવી દિલ્હીની ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા હતા અને કિડની કાઢતા પહેલા એફિડેવિટ કરાવી ૨૦ દિવસ દિલ્હી હોસ્પિટલમાં દાખલ રાખી ઓપેરેશન કરી કિડની કાઢી લીધી હતી અને મજબૂર યુવકને ૩ લાખ રૂપિયા આપી રવાના કરી દીધો હતો. પરંતુ યુવકને રૂપિયાની જરૂર હોવાથી પરિવારજનો કે કોઈને પણ જણાવ્યું ન હતું પણ અન્ય એક રશીદાબાદ સોસાયટીમાં રહેતા અને ટ્રકમાં કંડક્ટરી કરતો યુવાન પણ ૨૫ દિવસ પહેલા ભોગ બનતા આ યુવક પણ કિડની રેકેટનો ભોગ બન્યો હોવાનું જણાવ્યું હતું.

આ ઘટનામાં ગરીબ યુવકોને રૂપિયાની મસ મોટી લાલચ આપી છેતરી કિડનીઓ કઢાવી નાણા ઉભા કરવાનું દેશવ્યાપી કૌભાંડ બહાર આવ્યું છે. ત્યારે આ એજન્ટો ભોગ બનનાર યુવકોના પરિવારજનોને પણ જાણ કરતા નથી અને નાણાની લાલચ આપી બારોબાર કિડનીઓ કાઢી વેચવાંનું ષડયંત્ર બહાર આવ્યું છે.

આ સમગ્ર ઘટના બાદ પોતે છેતરાયાનો અહેસાસ થતા આ બંને યુવકો ન્યાય મેળવવા પોલીસને શરણે ગયા છે. હાલ મોડાસા પોલીસ આ બંને ભોગ બનનાર યુવકોની પૂછપરછ કરી રહી છે ત્યારે આવા કિડની દલાલો કોણ છે, આ કિડનીઓ કોને વેચવામાં આવતી હતી અને અત્યાર સુધી મોડાસા પંથકના કેટલા મજબુર યુવકો આવી ઘટનાનો ભોગ બન્યા છે. આ તમામ બાબતે મોડાસા ટાઉન પોલીસ ફરિયાદ નોંધવાની કામગીરી શરૂ કરી છે ત્યારે પોલીસ આ બાબતે કઈ દિશામાં યોગ્ય તપાસ કરે છે તે જોવું રહ્યું!!



## મેત્રાલ નજીક બાઈક-સ્કુટી વચ્ચે અકસ્માતમાં એકનુ મોત

ખેડબ્રહ્મા, તા. ૯ ખેડબ્રહ્માના મેત્રાલ ગામ નજીક આર્ટએકના એજી. કોલેજ સામે એક બાઈક અને સ્કુટી વચ્ચે અકસ્માત થતા બાઈક સવારનું માથામાં ઈજા થતા મોત થયું હતું.

મળતી માહિતી અનુસાર ખેમાભાઈ દિનાભાઈ તરાળ ઉં.વ. ૪૫, ગામ દોનકા અને બકુલભાઈ હરીજીભાઈ તરાડ ઉં.વ. ૩૫ બન્ને પોતાના ગામથી સવારના સમયે ખેડબ્રહ્મા જવા નિકલ્યા હતા. તેઓની હિરો પેશન મોટર સાઈકલ નંબર જીજે.૦૯.સીઆર.૭૮૩૨ નંબરની ગાડી લઈને આવતા હતા ત્યારે મેત્રાલ નજીક આર્ટએકના કોલેજમાંથી એક વિદ્યાર્થીની સ્કુટી લઈને એકાએક રોડ ઉપર આવી જતા મોટરસાઈકલની બ્રેક મારતા પણ સ્કુટી સાથે ભટકાઈ જતા પાછળ બેઠેલા ખેમાભાઈ દિતાભાઈ તરાડ રોડ ઉપર નીચે પડતા માથામાં વાગી જતા લોહીલુહાણ થઈ જવા પામેલ હતા અને તેઓને પ્રાઈવેટ સાધનમાં ખેડબ્રહ્મા સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે લાવતા ખેમાભાઈ મરણ પામેલ છે તેમ જાહેર કરવામાં આવ્યુ હતુ. અને બકુલભાઈએ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ કરી હતી.



### તત્વ ઈજનેરી કોલેજમાં આયુર્વેદિક ઉકાળાનું વિતરણ

મોડાસાની તત્વ ઈજનેરી કોલેજમાં તા. ૬-૯-૧૭ના રોજ સંસ્થાના કેમ્પસ ડાયરેક્ટર જયદત્તસિંહ પુવાર અને આચાર્ય ડૉ. એચ.આર. વરીઆના માર્ગદર્શન હેઠળ હાલમાં ચાલી રહેલા સ્વાઈન ફલુના રોગચાળાના અગમચેતીના પગલારૂપે વિદ્યાર્થીઓ અને સ્ટાફ મિત્રોના હીતમાં સ્વાઈન ફલુ સામે સલામતિના પગલારૂપે સંસ્થામાં આર્યુવેદિક ઉકાળાનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓ અને સ્ટાફ મિત્રોએ ઉત્સાહભેર ભાગ લઈ આ કાર્યક્રમને સાર્થક બનાવ્યો હતો. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ અને સ્ટાફ મિત્રોએ ઉત્સાહભેર ભાગ લઈ કાર્યક્રમને સફળ બનાવવા બદલ કેમ્પસ ડાયરેક્ટર જયદત્તસિંહ પુવારે અભિનંદન પાઠવ્યા હતા.

## મહેસાણા જિલ્લામાં બ્લુ વ્હેલ ગેમ પર પ્રતિબંધ આ ગેમની માહિતી હોય તો પોલીસને જાણ કરો

વિવિધ માધ્યમથી બ્લુ વ્હેલ ગેમ/બ્લુ વ્હેલ ચેલેન્જ વિગેરે નામોથી સોશ્યલ મીડીયા પ્લેટફોર્મ તથા ઈન્ટરનેટના વિવિધ કોમ્યુનિકેશન પ્લેટફોર્મના ઉપયોગ કરી કયુરેટર/એડમિનિસ્ટ્રેટર બનીને યુવાનોને આત્મહત્યા માટે દુષ્પ્રેરિત કરવામાં આવી રહયા છે. આ ગેમ/ચેલેન્જના ભાગરૂપે કયુરેટર એડમિનિસ્ટ્રેટર દ્વારા ક્રમશઃસુચનાઓના અંતે આત્મહત્યા કરવા પ્રેરિત કરવામાં આવે છે. આ બ્લુ વ્હેલ ગેમ સામે પ્રતિબંધ મુકવો જરૂરી છે.

આથી અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ શ્રી રમેશ મેરજા દ્વારા મહેસાણા જિલ્લો ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩(૧૯૭૪ના નંબર-૨)ની કલમ ૧૪૪ તથા ગુજરાત પોલીસ એકટની કલમ ૩૭(૩) અન્વયે મહેસાણા જિલ્લા વિસ્તારમાં જાહેર સલામતી અને સુરક્ષાને લક્ષમાં રાખી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુસર એવો કોઈપણ પ્લેટફોર્મ (બ્લુ વ્હેલ ગેમ/બ્લુ વ્હેલ ચેલેન્જ વિગેરે) મારફતે કયુરેટરના/ એડમિનિસ્ટ્રેટરના રોલ પ્લે કરવા, આત્મહત્યા માટે ઈન્ટરનેટના માધ્યમથી દુષ્પ્રેરિત કરવા અથવા એવી ગેમ કોમ્યુનિકેશનમાં ભાગ લેવા કે તેમા મદદરૂપ થવા પ્રતિબંધિત કરવામાં આવે છે. સાથોસાથ જે પણ વ્યકિતેને મહેસાણા જિલ્લા વિસ્તારમાં કોઈપણ અન્ય વ્યકતિ એવી ગતિવિધિમાં ભાગ લે છે, તે ધ્યાને આવે તો નજદીકના પોલીસ સ્ટેશનમાં ઓછામાં ઓછા સમયમાં મૌખિક કે લેખિત જાણ કરવામાં જણાવવામાં આવે છે.

ગુનાના તપાસની કામગીરી અને શૈક્ષણિક સંશોધનના કામે કરવામાં આવતી કાર્યવાહી પર આ જાહેરનામું લાગુ પડશે નહીં.

## મોડાસાના ડુંગરવાડા ગામે નર્મદા રથના ઉગ્ર વિરોધથી હડકંપ



મોડાસા, તા. ૯ ગુજરાતના મહત્વાકાંક્ષી નર્મદા યોજનાનું કામ પૂર્ણ થતા તેના જળ સિંચાઈ તેમજ પીવાના પાણી અરવલ્લી જિલ્લાના પ્રજાનોને લાભ મળવાનો હોવાથી રાજ્ય સરકારની ઉપલબ્ધી લોકોના ઘરે ઘરે પહોંચાડવા નર્મદા મહોત્સવ યાત્રાનો રથ અરવલ્લી જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં ફરી રહ્યો છે ત્યારે શુક્રવારે નર્મદા રથ મોડાસાથી ૩ કીમી આવેલા ડુંગરવાડા ગામે પ્રવેશતા જ ગામ લોકોએ ગામમાં આવેલા ૬ તળાવમાંથી એક પણ તળાવ નર્મદાના નીરથી ભરવામાં ના આવતા અને સરકાર ખેડૂત વિરોધી હોવાનું જણાવી પ્રવેશતો અટકાવતા પોલીસે તંત્ર, અધિકારીઓ અને ભાજપના આગેવાનો સમજવાનો પ્રયાસ પણ નિષ્ફળ રહેતા ભારે દોડધામ મચતાં દેકારો મચી ગયો હતો.

શુક્રવારે ડુંગરવાડા ગામે નર્મદા રથ જિલ્લાના અન્ય વિસ્તારોમાં ફરી આજે પહોંચતા મોટી સંખ્યામાં ગામ લોકોએ નર્મદારથ પ્રવેશતો અટકાવતા ભાજપના અગ્રણીયો દ્વારા સમજાવવા જતા ગામલોકોએ જણાવ્યું હતું કે ડુંગરવાડા ના ૬ તાળાવોમાંથી એક પણ તળાવ નર્મદાના નીરથી ભરવામાં આવ્યા નથી, ખેડૂતો ને સરકાર દ્વારા વીજળી પુરી પાડવાના મોટા મોટા પ્રચાર કરી રહી છે ત્યારે પૂરતી વીજળી પણ મળતી નથી અને ખેડૂતોના પાકવિમાં પણ પકાવવામાં જવાબદારતંત્ર તાયફા કરી રહ્યું છે અને ગામની ચારે બાજુ જંગલ ખાતાની જમીન હોવાથી ભૂંડો અને નીલ ગાયનો ત્રાસથી પાકનો સફાયો થતો હોવા છતાં ખેતીવાડી વિભાગ જંગલ વિભાગ અને ખેતીવાડી વિભાગ તરફથી યોગ્ય ન્યાય ન મળતા અને ખેડૂતોને પાકના પૂરતા ભાવ ના મળવાના મુદ્દે હંગામો કરી નર્મદા રથને ગામ માં પ્રવેશતો અટકાવ્યો હતો. બીજી બાજુ ભાજપના અગ્રણીયો, કાર્યકરો અને પોલીસતંત્ર અને સરકારીતંત્ર દ્વારા સમજવાના અથાગ પ્રયાસ કરવા છતાં ગામ લોકો ટસના મશ ના થતા ભારે હડકંપ મચી ગયો હતો અને એનો પડઘો અન્ય ગામમાં ના પડે તેવા પ્રયત્નો હાથ ધરવામાં આવશે.

## ધનસુરા પોલીસે ઘરફોડ ચોરીના ત્રણ ગુન્હાઓનો ભેદ ઉકેલ્યો

ગઈ તા. ૩-૯-૧૭ના રોજ એમ.બી. ગઢવી પોસઈ ધનસુરા તથા સ્ટાફના માણસો પો.સ્ટે. વિસ્તાર પેટ્રોલીંગમાં હતા. દરમ્યાન ખાનગી રાહે બાતમીદારોથી બાતમી હકીકત જાણવા મળેલ કે વડાગામ મહાકાલી પરોઠા હાઉસ ખાતે નોકરી કરતો રાજુ નામનો ઈસમ શંકાસ્પદ જણાય છે જે બાતમી હકીકત આધારે પોસઈ એમ.બી. ગઢવીએ વડાગામ ખાતે આવી પંચોના માણસો રૂબરૂ ઉપરોક્ત ઈસમની યુક્તિ પ્રયુક્તિ પૂર્વક પુછપરછ કરતા આરોપી ઈસમે પોતે પોતાનુ નામ કાલુશા ઉર્ફે રફીક ઉર્ફે રાજુ વફાતીશા દીવાન(ફકીર) મુળ રહે. હિંમતનગર, મહેતાપુરા હાલ રહે. વડાગામ, તા. ધનસુરાનો હોવાનુ જણાવી પોતે આજથી આશરે એકાદ માસ અગાઉ દહેગામના સમીર ઉર્ફે શબ્બીર ગુલામનબી પઠાણ તથા ઈરફાન સાથે મળી રાત્રીના સમયે ધનસુરાની બે અલગ અલગ સોસાયટીઓમાં મકાનના દરવાજાના નકુચા તોડી અંદર પ્રવેશ કરી મકાનમાંથી સોના-ચાંદીના દાગીના તથા રોકડ રકમની ચોરી કરેલ હોવાની કબુલાત કરેલ જેથી આરોપીને તા. ૩-૯-૧૭ના ક. ૧૯ વાગે અટક કરી રીમાન્ડની માંગણી કરતા નામદાર કોર્ટે આરોપીના ૭-૯-૧૭ના ક. ૧૫ સુધીના રીમાન્ડ મંજુર કરેલ અને ત્યારબાદ રીમાન્ડ દરમ્યાન આરોપીને વધુ પુછપરછ કરતા આરોપીએ પોતે ઉપરોક્ત ઈસમો સાથે મળી ઉપરોક્ત ચોરી કર્યાના થોડા દિવસો બાદ ધનસુરા જીઈબી નજીક આવેલ. એન.કે. એન્જીનીયરીંગ નામના કારખાનામાંથી પ્લેટો તથા વાયરોની ચોરી કરેલ હોવાની કબુલાત કરેલ છે. આરોપીને વધુ પુછપરછ સારૂ એલસીબી ઓફીસ મોડાસા ખાતે મોકલી આપતા આરોપીએ પો.ઈન્સ. એલ.સીબી મોડાસાનાઓ રૂબરૂ પણ આજથી આશરે ત્રણેક માસ અગાઉ વડાગામ ખાતે રાત્રીના સમયે એક મકાનમાંથી રોકડ રકમની ચોરી કરેલ હોવાની કબુલાત કરેલ છે. અને બાકીના આરોપીઓને અટક કરી મુદ્દામાલ રીકવર કરવાની દિશામાં આગળની તપાસ ચાલુ છે.

## પ્રાંતિજના વજાપુરમાં મહિલાને માર મારતા પોલીસ ફરીયાદ

પ્રાંતિજ, તા. ૯ સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના વજાપુરમાં સામાન્ય બોલાચાલી આરોપીએ ગાળોબોલી ઉંધા ધારીયાથી મહિલા ઉપર ઉપરા ઉપરી ત્રણ ધા કરાતાં પોલીસ ફરીયાદ થઈ.

પ્રાંતિજ પોલીસ સ્ટેશન ઉપરથી મળતી માહિતી મુજબ પ્રાંતિજના વજાપુર ખાતે રહેતાં સીતાબેન પોતાના ઘરે હાથ ધોતા હતા તે સમયે આરોપી વિક્રમસિંહ બાબુસિંહ વાઘેલા ગાળાગાળી કરીને આવી મારા પ્લોટના ફેન્સીંગ પાસે રાખેલ કાંટા કેમ હટાવ્યા છે તેમ કહીને બોલતાં સીતાબેને કહ્યું કેમ ગાળો બોલો તેમ કહેતાં આરોપી વિક્રમસિંહ બાબુસિંહ વાઘેલા ઉશ્કેરી જતાં પોતાનાં હાથ રહેલ ધારીયાના ઉંધા ધા કરી સીતાબેનને બરડામાં માર મારતાં ઈજાઓ પહોચાડી જાનથી મારી નાખવાની ધમકી આપતાં આ અંગેની ફરીયાદ પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં ફલાજી વકતુજી વાઘેલા રહે વજાપુર દ્વારા ફરીયાદ કરતાં પ્રાંતિજ પોલીસે ફરીયાદી વિક્રમસિંહ બાબુસિંહ વાઘેલા વિરૂધ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.



ભિલોડા અર્બુદા સેવા સંઘ સંચાલિત આર.જે.તન્ના પ્રેરણા મંદીરમાં સ્વયં શિક્ષણ દિનની ઉજવણી યોજાઈ હતી. શાળાના ધોરણ.૯ થી ધોરણ.૧૨ના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આચાર્યની ભુમિકા ખુશી શાહએ સંભાળી હતી. વિદ્યાર્થીઓ ધ્વારા જુદી-જુદી બાબતોની પણ પ્રાર્થના સભામાં રજુઆત કરવામાં આવી હતી. શિક્ષક તરીકે તેમના અનુભવો વિદ્યાર્થીઓએ રજુ કર્યા હતા. આર.જે. તન્ના પ્રેરણા મંદીર આચાર્ય રમણભાઈ પટેલે વિદ્યાર્થીઓ ભાઈઓ-બહેનોની કામગીરીને બિરદાવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કાંતીલાલ ભુધરા,મુકેશભાઈ પટેલએ કર્યું હતું.

## હિંમતનગર સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા ઈનામ વિતરણ સમારંભ યોજાશે

ભિલોડા,તા.૯ હિંમતનગર સમસ્ત બ્રહ્મ સમાજ આયોજીત ઈનામ વિતરણ અને સ્નેહ મિલન, વિદ્યા-ઉત્તેજક સમારંભ યોજાશે.સમસ્ત બ્રહ્મ સમાજ પ્રમુખ પ્રફુલ્લભાઈ કાથાવાલા, મહામંત્રી મુકેશભાઈ જાનીએ જણાવ્યું હતું કે સમસ્ત બ્રહ્મ સમાજ ધ્વારા આયોજીત ઈનામ વિતરણ,સ્નેહ મિલન, વિદ્યા-ઉત્તેજક સમારંભ અને ચિત્ર સ્પર્ધા તા.૧૭/૯/૨૦૧૭ને રવીવારના રોજ ઉમીયાવાડી, મહાકાળી મંદીર પાસે, મહાવીરનગર, હિંમતનગરમાં યોજાશે.

સમારંભ મુખ્ય વક્તા તરીકે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સીટી પુર્વ કુલપતી દક્ષેશભાઈ ઠાકરની ઉપસ્થિતીમાં રહેશે.સમારંભમાં સમસ્ત બ્રહ્મ સમાજના વિદ્યાર્થીઓ, વાલીઓને વિદ્યાર્થી ઘડતરમાં માતા-પિતાની ભુમિકા વિષય પર વિશેષ સંબોધન કરાશે તેમ જણાવ્યું હતું. આ પ્રસંગે સૌ બ્રહ્મ સમાજના પરીવારજનોને ઉપસ્થિત રહેવા આમંત્રણ પાઠવવામાં આવેલ છે. સમારંભને સફળ બનાવવા કન્વીનર હરીહરભાઈ વ્યાસ, સહકન્વીનર બકુલભાઈ પંડ્યા, મિતેષભાઈ ભટ્ટ, કારોબારી સભ્યો કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી રહ્યા છે.